सत्यमेव जयते

રજૂ તારીખ : ૨૫–૦૮–૨૦૨૨
દાખલ તારીખ : ૨૫–૦૮–૨૦૨૨
ફેંસલ તારીખ : ૦૧–૦૪–૨૦૨૬
અવધિ :... વર્ષ,. માસ, દિવસ.
૦૩ ૦૭ ૦૭

**<u>દેવભુમી દ્વારકાનાં મહેરબાન એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામ : દ્વારકા.</u>**

**<u>સેશન્સ કેસ નં. ૩૧/૨૦૨૨</u>**

**આંક–**

**<u>ફરીયાદી</u>:** શ્રી સરકાર
**(મયુરભા જાલમભા નાયાણી, જાતે : હિન્દુ વાઘેર, ઉ. વ. ૨૨, ધંધો : ટ્રકમાં કલીનર, રહેવાસી ઘરારનગર, આવળ માતાના મંદીર પાસે, આરંભડા સીમ, તાલુકા : દ્વારકા, જી. દેવભૂમિ દ્વારકા)**

**<u>વિરૂધ્ધ</u>**

**<u>આરોપીઓ</u> :**

(૧) સુકાભાઈ રાણાભાઈ હાથીયા, ધર્મે : હિન્દુ, ઉ. વ. ૩૦, ધંધો : ટ્રકમાં કલીનર, રહેવાસી : ઘરારનગર, બક્ષી પંચ સોસાયટી, આવળ માતાના મંદીર પાસે, આરંભડા ગામ, તા. દ્વારકા, જી. દેવભૂમિ દ્વારકા.

(૨) ડાયાભાઈ રાણાભાઈ હાથીયા, ધર્મે હિન્દુ, ઉ. વ. ૩૨, ધંધો : ટ્રકમાં કલીનર, રહેવાસી : સુરજ કરાડી, નગરપાલીકા કચેરી પાછળ, તાલુકા : દ્વારકા, જી. દેવભૂમિ દ્વારકા.

(૩) રાણાભાઈ નાથાભાઈ હાથીયા, ધર્મે : હિન્દુ, ઉ. વ. ૬૦, ધંધો : છુટક મજુરી , રહેવાસી : ઘરારનગર, આરંભડા સીમ તા. દ્વારકા, જી. દેવભૂમિ દ્વારકા.

(૪) ભરતભાઈ રાણાભાઈ હાથીયા, ધર્મે : હિન્દુ, ઉ. વ. ૨૬, ધંધો : છુટક મજુરી, રહેવાસી : ઉપર મુજબ.

**ગુનો:–** **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૦ ની કલમ ૧૩૫(૧) મુજબ.**

સરકારશ્રી તરફે :– વિદ્વાન પી.પી.શ્રી એલ. આર. ચાવડા.
આરોપીઓ તરફે :– વિદ્વાન વકીલ શ્રી જે.એન.પરમાર.

**–: ॥ જજમેન્ટ ॥ :–**

**(૧)** આ કામના ફરીયાદી મયુરભા જાલમભા નાયાણી જામનગર જી. જી. હોસ્પીટલ મુકામે સારવાર હેઠળ હતા તે દરમ્યાન તેઓએ તારીખ : ૨૪/૦૭/૨૦૧૮ ના રોજ મીઠાપુર પો. સ્ટે. ના પો. હે. કો. (કેમ્પ જી. જી. હોસ્પીટલ, જામનગર) શ્રી જી. એ. ગોજીયા રૂબરૂ ફરીયાદ આપી હતી. જે ફરીયાદ આધારે મીઠાપુર પો. સ્ટે. ફ. ગુ. રજી. નંબર : ૩૨ સને ૨૦૧૮ થી જે તે સમયે અમલમાં રહેલ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં ''પીનલ કોડ'' તરીકે સંબોધવામાં આવેલ છે) ની ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૦ (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં ''જી.પી.એકટ'' તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયો છે. જે ગુનાની તપાસના અંતે પોલીસે ચાર્જશીટ રજુ કરતા મહેરબાન ઓખા મંડળના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) સાહેબની કોર્ટમાં ફોજદારી કેસ નંબર : ૧૪૭ સને ૨૦૧૯ નો દાખલ કરવામાં આવ્યો હતો. આજ બનાવ સંબંધે આપવામાં આવેલી ક્રોસ ફરીયાદ આધારે મીઠાપુર પો. સ્ટે. ફ. ગુ. રજી. નંબર : ૩૧ સને ૨૦૧૮ થી ''પીનલ કોડ'' ની કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૧૧૪ તથા અનુસુચીત જાતિ તથા અનુસુચીત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધીનીયમ, ૨૦૧૭ (કે જેને હવે પછી સરળતા ખાતર હવે પછી ''એટ્રોસીટી એકટ'' તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમ ૩(૧)(આર), ૩ (૨)(૫–એ), ૩(૨)(૫) મુજબનો ગુનો નોંધાયો હતો.

જે ગુના સંબંધે એટ્રોસીટી એકટ અન્વયે રચવામાં આવેલી અત્રેની ખાસ અદાલતમાં સ્પે. એટ્રોસીટી કેસ નંબર : ૩૪ સને ૨૦૨૦ (જેનો એટ્રોસીટી કેસ નંબર : ૧૩ સને ૨૦૧૮) નો દાખલ કરવામાં આવ્યો હોય મહેરબાન મેજીસ્ટ્રેટ સાહેબે તેમની સમક્ષ રહેલ ફોજદારી કેસ નંબર : ૧૪૭ સને ૨૦૧૯ ની ચાર્જશીટ આંક : ૧ અન્વયે હુકમ કરી અત્રેની સેશન્સ કોર્ટમાં ટ્રાન્સફર કર્યો છે. જે અન્વયે તેને અત્રે સેશન્સ કેસ નંબર : ૩૧ સને ૨૦૨૨ આપી આ કેસની ઈન્સાફી કાર્યવાહી અત્રે ચલાવવામાં આવી છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા આરોપીઓને ચારેક વર્ષ પહેલા તકરાર ઝઘડો થયેલ હોય જે બાબતે તેઓ વચ્ચે જુનુ મનદુ:ખ ચાલતુ હોય તેનો ખાર રાખી તારીખ : ૨૩/૦૭/૨૦૧૮ ના રોજ સાંજના સાડા છ એક વાગ્યાના સુમારે આરોપી નંબર : ૩ તથા ૪ નાએ સાહેદ વિજયભા સાથે બોલાચાલી કરી ઝઘડો કરી ભુંડી ગાળો આપી તથા તેમના પિતાજી સાહેદ જાલમભા આવી તેઓને સમજાવવા જતા આરોપી નંબર : ૧ નાએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને માથાના ભાગે લોખંડના પાઈપથી ઘા કરી તથા જમણા પગમાં બે ઘા કરી મૂંઢ ઈજાઓ કરેલ તથા સાહેદ જાલમભા ને આરોપી નંબર : ૩ નાએ છુટી ઈંટોના ઘા કરી તેઓને જમણા પગમાં બે ઘા મારી મૂઢ ઈજાઓ કરી અને આરોપી નંબર : ૧ સુકાભાઈએ સાહેદ જાલમભાને વાંસાના ભાગે લોખંડના પાઈપનો એક ઘા મારી તથા આરોપી નંબર : ૪ ભરતભાઈએ ફરીયાદીને ડાબા હાથના પંજામાં ઈંટનો ઘા કરી તથા આરોપી નંબર : ૧ નાએ ફરીયાદીના ભાઈ સાહેદ વિજયભાને માથાના ભાગે લોખંડના પાઈપથી એક ઘા કરી ફરીયાદી તથા સાહેદોને ભયાનક હથિયારો વડે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા મહે. અધીક જીલ્લા મેજી. સાહેબશ્રીના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી ગુનાહિત કૃત્ય આચર્યુ છે.

(૩) હાલના કેસમાં આરોપીઓ જામીન મુકત હોય તેમના વિ. વ. શ્રી. મારફતે અદાલત સમક્ષ હાજર રહેતા તેઓને ચાર્જશીટ સાથેના પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવી છે તે અંગેની ખાત્રી કરી ફરીયાદ પક્ષ તર્ફે વિ.

એ.પી.પી.શ્રી. ને તથા બચાવ પક્ષ તર્ફે વિ. વ. શ્રી. ની રજુઆતો સાંભળ્યા બાદ આરોપીએ ''પીનલ કોડ'' ની કલમ ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ''જી. પી. એકટ'' ની કલમ ૧૩૫(૧) અન્વયે ગુનો કર્યાનુ પ્રથમ દર્શને જણાય આવતુ હોય તેઓ સામે **આંક : ૧૮** થી તે અનુસારનુ તહોમતનામું ફરમાવવામાં આવ્યુ હતુ તેમજ તે તહોમતનામાના કથનો આરોપીઓ સમક્ષ વાંચી સંભળાવી સમજાવી તેઓ ગુનો કબુલ કરવા માંગે છે કે કેમ ? તેમ પુછી તેમના નીવેદનો **આંક : ૧૯, ૨૦, ૨૧ તથા ૨૨** થી નોંધવામાં આવ્યા હતા. જે અન્વયે આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કર્યો છે.

**(૪)** ફરીયાદ પક્ષ તર્ફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કર્યા છે :-

(એ) મૌખિક પુરાવાઓ :-

| **સા.નં.** | **સાહેદનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | મયુરભા જાલમભા નાયાણી. (ફરીયાદી) | ૨૩ |
| ૨. | જાલમભા ડેપાભા નાયાણી. (ભોગ બનનાર) | ૨૫ |
| ૩. | વિજયભા જાલમભા નાયાણી. (ભોગ બનનાર) | ૨૬ |
| ૪. | રમેશભા ધાંધાભા બઠીયા. (પોલીસ સાહેદ) | ૨૮ |
| ૫. | રમેશભાઈ કાંતીલાલ પટેલ. (પોલીસ સાહેદ) | ૨૯ |
| ૬. | ચંદ્રકલાબા ભરતસિંહ જાડેજા. (પોલીસ સાહેદ) | ૩૧ |

(બી) <u>**દસ્તાવેજી પુરાવાઓ**</u> :-

| **અ.નં.** | **દસ્તાવેજનુ વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રથમ માહીતી અહેવાલ સહીતની ફરીયાદની ખરી નકલ. | ૨૪ |
| ૨ | સ્થાનીક જગ્યાનુ પંચનામું. | ૩૦ |
| ૩ | આરોપી નં. ૧ સુકાભાઈ હાથીયા તથા આરોપી નં. ૨ ડાયાભાઈ હાથીયાની શરીર સ્થીતી, અટક તથા ગુના કામે ઉપયોગમાં લીધેલ હથિયાર તપાસ અર્થે કબજે લીધાનુ પંચનામું. | ૩૨ |
| ૪ | ફરીયાદી તથા ઈ. પા. સાહેદ જાલમભા એ બનાવ વખતે પહેરેલ કપડા તપાસ અર્થે કબજે લીધાનુ પંચનામું. | ૩૩ |

| | | |
|---|---|---|
| ૫ | આરોપી નં. ૩ રાણાભાઈ હાથીયા તથા ૪ ભરતભાઈ હાથીયાની શરીર સ્થીતી તથા અટક અંગેનું પંચનામું. | ૩૪ |
| ૬ | સાહેદ વિજયભાઈ જાલમભાઈ નાચાણીની સારવાર અંગે મીઠાપુર હોસ્પીટલના એમ.એલ.સી. કેસ પેપર્સ. | ૩૫ |
| ૭ | સાહેદ વિજયભાઈ જામલભાઈ નાચાણીને થયેલ ઈજા અંગે સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ના એ ઈસ્યુ કરેલ પ્રમાણપત્ર. | ૩૬ |
| ૮ | સાહેદ વિજયભાઈ જાલમભાઈ નાચાણીને થયેલ ઈજા અંગે જી.જી. હોસ્પીટલ, જામનગર એ ઈસ્યુ કરેલ પ્રમાણપત્ર. | ૩૭ |
| ૯ | સાહેદ વિજયભાઈ જાલમભાઈ નાચાણી ની સારવાર દરમ્યાનના લેબ રીપોર્ટસ તથા ડીસ્ચાર્જ કાર્ડસની નકલ. | ૩૮ |
| ૧૦ | ફરીયાદી મયુરભાઈ જાલમભાઈ નાચાણીને આપવામાં આવેલ સારવાર અંગે મીઠાપુર હોસ્પીટલના એમ.એલ.સી. કેસ પેપર્સ. | ૩૯ |
| ૧૧ | ફરીયાદી મયુર જાલમભા નાચાણીને થયેલ ઈજા અંગે જી.જી.હોસ્પીટલ જામનગરે ઈસ્યુ કરેલ પ્રમાણપત્ર. | ૪૦ |
| ૧૨ | સાહેદ જાલમભા ડેપાભા નાચાણીને આપવામાં આવેલ સારવાર અંગે મીઠાપુર હોસ્પીટલના એમ.એલ.સી. કેસ પેપર્સ. | ૪૧ |
| ૧૩ | મુદ્દામાલ એફ.એસ.એલ. ને મળ્યાની પહોંચ. | ૪૨ |
| ૧૪ | અધીક જીલ્લા મેજી. સાહેબશ્રીના હથિયાર બંધી અંગેના જાહેરનામાની નકલ. | ૪૩ |
| ૧૫ | એફ.એસ.એલ. રાજકોટનો ફોરવડીંગ લેટર તથા તે સાથે મોકલાવેલ બાયોલોજી વિભાગ તેમજ સીરોલોજી વિભાગનો પૃથકકરણ અહેવાલ. | ૪૪ |

(૫) ફરીયાદ પક્ષ તરફથી ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સીવાચ અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી. ફરીયાદ પક્ષ તર્ફે પુરાવો બંધ કર્યાનુ પુરસીસ આંક : ૪૫ થી રજુ કરવામાં આવ્યુ છે. ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતાં તારીખ : ૦૧/૦૭/૨૦૨૪ ના રોજથી અમલમાં આવેલા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (કે જેને હવે પછી સરળતા ખાતર આ ઠરાવમાં ''બી.એન.એસ.એસ.'')

તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમ ૩૫૧ અન્વયે વીશેષ નીવેદન નોંધી શકાય તેવા કોઈ સંજોગો જણાય આવ્યા ન હોવાથી તે નોંધવામાં આવ્યુ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ. પી. પી. શ્રી. ની તેમજ બચાવ પક્ષ તર્ફે વિ. વ. શ્રી. ની દલીલો સાંભળવામાં આવી છે.

(૬) આ કામે ફરીયાદપક્ષના વિ.એ.પી.પી. શ્રી એ.એચ.વ્યાસએ દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, હાલના કેસમાં બનાવમાં ભોગ બનનાર ફરીયાદી – સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી પરંતુ ત. ક. અમલદારનો મૌખિક પુરાવો વિશ્વસનીય છે અને ત. ક. અમલદારને હાલના આરોપીઓને ખોટા ગુના કામે સંડોવી દેવા કોઈ કારણ હોવાનુ પ્રસ્થાપિત થયુ નથી. વધુમાં ત. ક. અમલદારના મૌખિક તથા દસ્તાવેજી પૂરાવાને બનાવમાં ભોગ બનનાર ફરીયાદી તથા સાહેદોએ મીઠાપુર હોસ્પીટલ તથા જામનગર જી. જી. હોસ્પીટલમાં લીધેલી સારવારના તબીબી પેપર્સ તથા પ્રમાણપત્રોથી સમર્થન પ્રાપ્ત થાય છે. સબબ ત. ક. અમલદારના મૌખિક પુરાવા ઉપર આધાર રાખીને હાલના આરોપીઓને કસુરવાર ઠરાવવા જોઈએ અને કાયદામાં ફરમાવ્યા મુજબની મહત્તમ સજા કરવી જોઈએ.

(૭) જયારે બચાવ પક્ષના વિ. વ. શ્રી. એ તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનુ ગુનાહીત કૃત્યનુ તહોમત પુરવાર કરવામાં નીષ્ફળ નીવડયા છે. ફરીયાદી તથા સાહેદોએ તથા પંચોએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપ્યુ નથી. પોલીસ એજન્સી દ્વારા કામગીરી બતાવવા ખોટો ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને તે મુજબ ત. ક. અમલદારને હાલના કેસના પરીણામ અંગે રસ હોય તેઓ રસ ધરાવનાર સાહેદ છે. સબબ કોઈપણ જાતના આધાર વિનાની એક માત્ર ત. ક. અમલદારના મૌખિક પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય તેમ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૮) સદર કેસના નિર્ણય માટે અદાલત ધ્વારા નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવા જરુરી બની રહે છે.

**-:॥ મુદ્દા ॥:-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજ સાંજના સાડા છ વાગ્યાના સુમારે ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે ૪ વર્ષ અગાઉ થયેલ તકરારની અદાવત રાખી અને ખાર રાખી આરોપી નંબર : ૩ તથા ૪ નાએ ફરીયાદી મયુરભા નાયાણી સાથે બોલાચાલી ઝઘડો કરી ભુંડી ગાળો બોલી ફરીયાદીના પિતા જાલમભા નાયાણી ત્યાં આવી સમજાવવા જતાં આરોપી નંબર : ૧ નાએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને માથાના ભાગે લોખ્રંડના પાઈપથી ઘા મારી તથા જમણા પગમાં બે ઘા મારી ઈજા પહોંચાડી તથા સાહેદ જાલમભાને આરોપી નંબર : ૩ રાણાભાઈ એ છુટા ઈંટોના ઘા મારી જમણા પગમાં ઈજા પહોંચાડી તથા આરોપી નંબર : ૧ સુકાભાઈએ સાહેદ જાલમભાને વાંસાના ભાગે લોખંડના પાઈપનો ઘા મારી ઈજા પહોંચાડી તથા આરોપી નંબર : ૨ ડાયાભાઈએ લોખંડના પાઈપથી સાહેદ વિજયભાને માથામાં એક ઘા કરી લોહી કાઢી ઈજા પહોંચાડી તથા ડાબા હાથમાં બે ઘા મારી ઈજા પહોંચાડી તથા જાનથી મારી નાંખવાની ધમકી અપી તેમજ મહે. અધીક જીલ્લા મેજી. સા. શ્રી. ના હથિયારબંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી ''પીનલ કોડ'' ની કલમ ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ''જી. પી. એકટ'' ની કલમ ૧૩૫(૧) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ આપું છું.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

-: ॥ **કારણો ॥:-**

(૧૦) હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ ''પીનલ કોડ'' ની કલમ ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ''જી. પી. એકટ'' ની કલમ ૧૩૫(૧) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. જે પુરવાર કરવા અંગે પુરાવાની સાબીતીનો બોજો ફરીયાદ પક્ષના શીર ઉપર છે. ફરીયાદ પક્ષે વ્યાજબી શંકા રહીત આરોપીઓ વિરૂધ્ધના ગુનાહિત કૃત્યનુ તહોમત પુરવાર કરવાનુ રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **Rabindra Kumar Dey Vs. State of Orissa, AIR 1977 SC 170,** ના ચુકાદામાં ત્રણ મુખ્ય સિધ્ધાંતોનો પુનોરચ્ચાર કર્યો છે કે, (i) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt, and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving it's case; (ii) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty, and (iii) that the onus of the prosecution never shifts. Thus, it is well-settled that in criminal trial, the guilt of the accused must be proved beyond reasonable doubt in order to convict him. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **State of Uttar Pradesh Vs. Krishna Gopal, (1988) 4 SCC 302** માં ઠરાવ્યુ છે કે, the person has, no doubt, profound rights not to be convicted of an offence, which is not established by the evidential standard of proof beyond resonable doubt. હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફથી તેવી સાબીતીના બોજાનુ વહન કરવામાં આવ્યુ છે કે કેમ ? તે નકકી કરવા માટે ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલો પુરાવાની ચર્ચા કરવી આવશ્યક છે.

(૧૧) ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૧ મયુરભા જાલમભા નાયાણીને આંક : ૨૩ થી તપાસવામાં આવ્યા છે. જેઓ બનાવમાં ભોગ બનનાર છે અને બનાવ અંગે તેઓએ ફરીયાદ આપી છે. સબબ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનુ તહોમત પુરવાર કરવા માટે સદર સાહેદનો પુરાવો ખુબ જ અગત્યનો છે. તેમના મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી અને બનાવ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં બન્યો હોવાની અને બનાવ બન્યાને ૮ વર્ષનો સમય વિતિ ગયો હોવાની અને બનાવના દિવસે તેઓ બજારમાંથી

ઘરે આવતા હતા તે વખતે તેમના ઘર પાસે ઘણા માણસો ભેગા થયા હોવાની અને તેઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળી થઈ હોવાની અને તે દરમ્યાન અચાનક ધકકા મુકકી થવાથી તેઓને માથાના ભાગે વાગી ગયેલ હોવાનુ તથા તેમના પગમાં પણ મૂઢ માર વાગ્યો હોવાની તેમજ સદર બનાવમાં તેમના પિતા જાલમભાને પણ જમણા પગમાં પંજાના ભાગે તથા વાંસાના ભાગે ઈજા થયેલી હોવાની અને સદર બનાવમાં તેમના ભાઈ વિજયને માથાના ભાગે વાગેલુ હોવાની અને ઘણા લોકો ભેગા થયા હોવાની અને ધકકા મુકકી થઈ હોય તેમને કોણે કયા હથિયાર વડે મારેલ તેની ખબર પડી ન હોવાની હકીકત જણાવી છે. વધુમાં તેઓએ જણાવ્યુ છે કે, બનાવ બાદ તેમને સારવાર માટે મીઠાપુર ટાટા હોસ્પીટલમાં લઈ ગયા હતા અને ત્યાં પ્રાથમીક સારવાર આપી જામનગર જી. જી. હોસ્પીટલમાં દાખલ કર્યા હતા અને તેમના મોટા ભાઈ વિજયભા ને વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા તેમજ આ બનાવ કયા કારણે બનેલો તેની તેમને ખબર નથી તેમજ તેઓ જામનગર જી. જી. હોસ્પીટલમાં સારવાર હેઠળ હતા તે વખતે પોલીસ ત્યાં આવી હતી અને તેમનુ નામ સરનામુ પુછી એક લખાણ ઉપર તેમની સહી કરાવી હતી તેમજ તે લખાણમાં પોલીસે શું લખેલ હતુ તેની તેમને ખબર નથી. સદર સાહેદે કોર્ટના રેકર્ડમાં રહેલ પ્રથમ માહીતી અહેવાલ સહીતની અસલ ઉપરથી કરેલ ખરી નકલ જોઈને તેમાં તેમની સહી હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવેલ છે જે કારણે ફરીયાદ આંક : ૨૪ થી રજુ છે. વધુમાં સાહેદે તેઓને કોઈ હથિયાર કે આરોપીઓ બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ ન હોવાની હકીકત જણાવી છે. આમ સદર ભોગ બનનાર સાહેદ – ફરીયાદીએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રી. એ તેઓને ફરી ગયેલા જાહેર કરી તારીખ : ૦૧/૦૭/૨૦૨૪ ના રોજથી અમલમાં આવેલ ભારતીય સાક્ષ્ય અધિનીયમ, ૨૦૨૪ (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં ''બી.એસ.એ.'' તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમ ૧૫૭ અન્વયે અદાલતની પરવાનગીને આધીન સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરી છે પરંતુ તે થકી પણ આ કામના આરોપીઓની કથિત બનાવમાં સંડોવણી પ્રસ્થાપિત કરવામાં

તેઓ સફળ નીવડયા નથી. બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એવા સુચનો સ્વીકાર્યા છે કે, બનાવ સાંજના સમયે બન્યો હતો તેમજ ગામના ઘણા લોકો ભેગા થયા હતા તેમજ તે દરમ્યાન ધકકા મુકકી થતા તેઓને તથા તેમના પિતા તથા તેમના ભાઈને ઈજા થઈ હતી.

**(૧૨)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૨ જાલમભા ડેપાભા નાયાણીને આંક : ૨૫ થી તપાસવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષના કેસ અનુસાર તેઓ બનાવમાં ઈજા પામનાર તથા બનાવને નજરે જોનાર સાહેદ છે. સદર સાહેદના મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી અને બનાવની ચોકકસ તારીખ મને યાદ ન હોવાની પરંતુ બનાવ બન્યાને આશરે આંઠેક વર્ષનો સમય વિતિ ગયો હોવાની તેમજ બનાવ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં બન્યો હોવાની અને બનાવ વખતે તેઓ તેમના ઘરે હાજર હોવાની અને તેમના ઘરની બહારથી ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળીનો અવાજ આવતા તેઓ ઘરની બહાર જોવા આવ્યા હોવાની અને તેઓએ જોયેલ તો તેમના દિકરા મયુરભા તથા વિજયભાના માથામાંથી લોકી નીકળતુ હતુ અને લોકો વચ્ચે ધકકા મુકકી થતી હતી જેથી તેઓ છોડાવવા વચ્ચે જતા ધકકા મુકકીમાં તેમને જમણા પગમાં પંજાના ઉપરના ભાગે તથા વાંસાના ભાગે મૂઢ ઈજાઓ થયેલી હોવાની તેમજ ઘણા લોકો ભેગા થયા હોવાની અને ધકકા મુકકી થઈ હોય તેમને કોણે કયા હથિયાર વડે મારેલ તેની ખબર પડી ન હોવાની હકીકત જણાવી છે. વધુમાં તેઓએ જણાવ્યુ છે કે, બનાવ બાદ તેમને સારવાર માટે મીઠાપુર ટાટા હોસ્પીટલમાં લઈ ગયા હતા અને ત્યાં પ્રાથમીક સારવાર આપી જામનગર જી. જી. હોસ્પીટલમાં દાખલ કર્યા હતા અને તેમના મોટા દિકરા વિજયભા ને વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા તેમજ આ બનાવ કયા કારણે બનેલો તેની તેમને ખબર નથી તેમજ બનાવ સંબંધે પોલીસે તેમની પુછપરછ કરી હતી કે કેમ ? તે તેમને આજે યાદ નથી. સદર સાહેદે વધુમાં જણાવ્યુ છે કે, તેઓને કોઈ હથિયાર કે આરોપીઓ બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ નથી. આમ સદર ભોગ બનનાર સાહેદ એ ફરીયાદ પક્ષના કેસને સમર્થન

આપ્યુ ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રી. એ તેઓને ફરી ગયેલા જાહેર કરી ''બી.એસ.એ.'' ની કલમ ૧૫૭ અન્વયે અદાલતની પરવાનગીને આધીન સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરી છે પરંતુ તે થકી પણ આ કામના આરોપીઓની કથિત બનાવમાં સંડોવણી પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ નીવડયા નથી. બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એવા સુચનો સ્વીકાર્યા છે કે, બનાવ સાંજના સમયે બન્યો હતો તેમજ ગામના ઘણા લોકો ભેગા થયા હતા તેમજ તે દરમ્યાન ધકકા મુકકી થતા તેઓને તથા તેમના બે દિકરાઓને ઈજા થઈ હતી.

**(૧૩)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૩ વિજયભા જાલમભા નાયાણીને આંક : ૨૬ થી તપાસવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષના કેસ અનુસાર સદર સાહેદ પણ બનાવમાં ભોગ બનનાર સાહેદ છે. જેઓને બનાવમાં ગંભીર ઈજા થઈ છે. સબબ સદર સાહેદનો મૌખિક પૂરાવો આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનુ તહોમત પુરવાર કરવા માટે ઘણો જ અગત્યનો છે. સદર સાહેદના મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી અને બનાવની ચોકકસ તારીખ મને યાદ ન હોવાની પરંતુ બનાવ બન્યાને આશરે આંઠેક વર્ષનો સમય વિતિ ગયો હોવાની તેમજ બનાવ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં બન્યો હોવાની અને બનાવમાં તેઓને તથા રાણાભાઈ હાથિયાર વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હોવાની અને સાંજનો સમય હોવાની અને ગામના ઘણા લોકો તેમના ઘર પાસે ભેગા થયા હોવાની અને તે દરમ્યાન ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળી થઈ હોવાની અને તેદરમ્યાન અચાનક ધકકા મુકકીથઈ હોવાની અને અને તે કારણે તેમને માથાના ભાગે વાગી ગયેલુ હોવાની અને તેઓ બેભાન થઈ ગયેલા હોવાની અને તેઓ ભાનમાં આવ્યા તે વખતે તેઓ અમદાવાદ સિવિલ હોસ્પીટલ માં સારવાર હેઠળ હોવાની અને તેઓને કોણે કયા હથિયાર વડે મારેલ તેની ખબર પડી ન હોવાની અને બનાવમાં તેમના ભાઈ મયુરભા તથા તેમના પિતાને પણ ઈજા થઈ હોવાની હકીકત જણાવી છે. તેઓએ વધુમાં જણાવ્યુ છે કે, બનાવ બાદ તેમને સારવાર માટે મીઠાપુર ટાટા હોસ્પીટલમાં લઈ ગયા હતા અને ત્યાં પ્રાથમીક

સારવાર આપી જામનગર જી. જી. હોસ્પીટલમાં દાખલ કર્યા હતા અને ત્યાંથી તેમને વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા તેમજ આ બનાવ કયા કારણે બનેલો તેની તેમને ખબર નથી તેમજ બનાવ સંબંધે પોલીસે તેમની પુછપરછ કરી હતી કે કેમ ? તેની તેમને ખબર નથી. સદર સાહેદે વધુમાં જણાવ્યુ છે કે, તેઓને કોઈ હથિયાર કે આરોપીઓ બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ નથી. આમ સદર ભોગ બનનાર સાહેદ એ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રી. એ તેઓને ફરી ગયેલા જાહેર કરી ''બી.એસ.એ.'' ની કલમ ૧૫૭ અન્વયે અદાલતની પરવાનગીને આધીન સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરી છે પરંતુ તે થકી પણ આ કામના આરોપીઓની કથિત બનાવમાં સંડોવણી પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ નીવડયા નથી. બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એવા સુચનો સ્વીકાર્યા છે કે, બનાવ સાંજના સમયે બન્યો હતો તેમજ ગામના ઘણા લોકો ભેગા થયા હતા તેમજ તે દરમ્યાન ધકકા મુકકી થતા તેમના તથા તેમના ભાઈને તથા તેમના પિતાજીને ઈજા થઈ હતી.

**(૧૫)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૪ રમેશભા ધાંધાભા બઠીયાને આંક : ૨૮ થી તપાસવામાં આવ્યા છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેમના મૌખિક પૂરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પોલીસ રૂબરૂની ફરીયાદ આધારે પો.સ્ટે. અમલદાર તરીકે ચાર્જમાં ગુનો નોંધ્યો છે તેમજ તે અંગે સ્ટે. ડા. મા નોંધ કરી છે તેમજ પ્રથમ માહીતી અહેવાલ નિયત નમુનામા તૈયાર કર્યો છે તેમજ ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ કર્યો છે તેમજ ગુનાની તપાસ ડેપ્યુટ કરી છે.

**(૧૬)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૫ રમેશભાઈ કાંતીલાલ પટેલને આંક : ૨૯ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ આ ગુનાની તપાસ કરી છે. સદર સાહેદે તેમના મૌખિક પૂરાવાથી તેઓને આ ગુનાની તપાસ દરમ્યાન તેઓએ જે કાંઈ કાર્યવાહીઓ કરી છે તેમજ દસ્તાવેજો તૈયાર કર્યા છે તે તમામને સોગંદ ઉપર સમર્થન આપ્યુ છે તેમજ તેમની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય

ચાર્જશીટ કર્યાની હકીકત જણાવી છે. સદર સાહેદે ઉલટ તપાસમાં એવા સૂચનોનો ઈન્કાર કર્યો છે કે, ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખવામાં આવી ન હતી તેમજ ખોટી ફરીયાદ આધારે ખોટો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો તેમજ પંચનામા પો.સ્ટે. માં તૈયાર કરી માત્ર પંચોની સહીઓ કરાવી હતી તેમજ ફરીયાદી સાહેદોની પુછપરછ કર્યા વિના તેમની મરજી મુજબ નિવેદનો નોંધી લેવામાં આવ્યા હતા તેમજ આરોપીઓ વિરૂધ્ધ કોઈ પણ જાતનો પૂરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૮) ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૬ ચંદ્રકલાબા ભરતસિંહ જાડેજાને આંક : થી તપાસવામાં આવ્યા છે. જેઓ પણ પોલીસ સાહેદ છે અને તેઓએ આ ગુનાની બાકીની તપાસ કરી છે. સદર સાહેદે તેમના મૌખિક પૂરાવાથી તેઓને આ ગુનાની તપાસ દરમ્યાન તેઓએ જે કાંઈ કાર્યવાહીઓ કરી છે તેમજ દસ્તાવેજો તૈયાર કર્યા છે તે તમામને સોગંદ ઉપર સમર્થન આપ્યુ છે તેમજ તેમની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કર્યાની હકીકત જણાવી છે. સદર સાહેદે ઉલટ તપાસમાં એવા સૂચનોનો ઈન્કાર કર્યો છે કે, ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખવામાં આવી ન હતી તેમજ ફરીયાદીની ખોટી ફરીયાદને અનુરૂપ સાહેદોના નિવેદનો તેમની પુછપરછ કર્યા વ્િના તેઓએ તેમની મરજી લખી લીધા હતા તેમજ પંચનામા પો.સ્ટે. માં તૈયાર કરી તૈયાર પંચનામા ઉપર પંચોની માત્ર સહીઓ કરાવી હતી તેમજ આરોપીઓ વિરૂધ્ધ કોઈપણ જાતનો પૂરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કર્યુ છે .

(૧૮) આમ, આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલા ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે બનાવ અંગેની ફરીયાદ આપનાર કે જેઓ બનાવમાં ભોગ બનનાર પણ છે તેમના મૌખિક પુરાવા ધ્વારા આંક : ૨૪ થી રજુ થયેલ ફરીયાદના કથનો પુરવાર થતા નથી. વધુમાં સદર ફરીયાદીના મૌખિક પૂરાવાથી પોલીસે ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી હોવાની હકીકત પરત્વે જ વ્યાજબી શંકા ઉપસ્થીત થાય છે. વધુમાં બનાવમાં ભોગ બનનાર ફરીયાદી (સા.નં.૧–આંક : ૨૩) તથા સા.નં. ૨ (આંક : ૨૫), સા.નં. ૩(આંક : ૨૬) ના મૌખિક

પૂરાવાથી બનાવ બન્યો હોવાની હકીકતને તો સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ તેવા બનાવ વખતે બનાવના સ્થળે અને સમયે આરોપીઓની હાજરી જ પ્રસ્થાપિત થતી નથી. ફરીયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બન્યાની હકીકતને કોઈપણ સ્વતંત્ર સાહેદો ધ્વારા સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, હાલના કેસમાં બનાવને નજરે જોનાર ભોગ બનનાર ફરીયાદી તથા સાહેદોના મૌખિક પુરાવાથી આરોપીઓ ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય તેઓએ આચર્યુ હોવાની હકીકત પુરવાર થતી નથી. હાલના કેસમાં ગુનાની તપાસ કરનાર અમલદાર એ રસ ધરાવનાર સાહેદ છે. વધુમાં ગુનાની ફરીયાદ લેનાર પોલીસ સાહેદને ફરીયાદ પક્ષ તર્ફે તપાસવામાં આવ્યા નથી. વધુમાં હાલના કેસમાં કોઈપણ તબીબી કે સાયન્ટીફીક પૂરાવાઓ થકી પણ આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેમ નથી. તે સંજોગોમાં આ કામે ગુનાની તપાસ કરનાર પોલીસ અધીકારીની કોઈપણ જાતના સમર્થન વિનાના મૌખિક પુરાવા ઉપર આધાર રાખીને હાલના આરોપીને ''બી.એન.એસ.'' ની કલમ ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ''જી. પી. એકટ'' ની કલમ ૧૩૫(૧) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમત માટે કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. સબબ તે અનુસાર મુદ્દા નંબર : ૧ નો જવાબ નકારત્મક આપી મુદ્દા નંબર : ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

**૧.** ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૨૫૮(૧) અન્વયે આરોપીઓ (૧) સુકાભાઈ રાણાભાઈ હાથિયા, રહે. ઘરારનગર, બક્ષી પંચ સોસાયટી, આવળ માતાના મંદીર પાસે, આરંભડા સીમ, તા. દ્વારકા, જીલ્લા : દેવભૂમિ દ્વારકા તથા (૨) ડાયાભાઈ રાણાભાઈ હાથીયા, રહે. સુરજ કરાડી, નગરપાલીકા કચેરી પાછળ, તા. દ્વારકા, જીલ્લા : દેવભૂમિ દ્વારકા, તથા (૩) રાણાભાઈ નાથાભાઈ હાથીયા, રહે. ઘરારનગર, આરંભડા સીમ, તા. દ્વારકા, જીલ્લા : દેવભૂમિ દ્વારકા તથા (૪) ભરતભાઈ રાણાભાઈ હાથીયા, રહે. ઘરારનગર, આરંભડા સીમ, તા. દ્વારકા, જીલ્લા : દેવભૂમિ દ્વારકા નાઓને ''પીનલ કોડ'' ની કલમ ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ''જી. પી. એકટ'' ની કલમ

૧૩૫(૧) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓ જામીન મુકત હોય તેમના ના બેઈલ બોન્ડ રદ કરવાનો તેમજ જામીનદારોને જવાબદારીમાંથી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હાલના આરોપીઓને છોડી મુકવાના હુકમ સામે અપીલ કે રીવીઝન દાખલ થયેથી તેવા પ્રકરણોમાં હાયર ઓથોરીટી સમક્ષ હાજર રહેવા અર્થે બન્ને આરોપીઓએ છ માસની મુદૃત સુધી અમલમાં રહે તેવા રૂા.૫,૦૦૦/– ના સધ્ધર જામીનદારની જામીનગીરી તથા તેટલી જ રકમનો જાતમુચરકો લખી આપવાનો રહેશે અને તેમાં કસુર થયે અગાઉ આપેલ જામીનગીરી તે હેતુ માટે વધુ છ (૬) માસની મુદૃત સુધી અમલમાં રહેલી ગણાશે.

૪. બીનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવો.

૫. નીયત સમય મર્યાદામાં આ કેસ ફાઈલ રેકર્ડ રૂમમાં મોકલી આપવી.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૧ લી માહે : એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

( કૌશીકકુમાર જશવંતલાલ મોદી)
એડીશ્નલ સેશન્સ જજ,દ્વારકા.
(કોડ નં.જીજે.૦૦૫૯૭)